# સગાઈ



# સસ્નેહ નિમંત્રણમ્
# હું મોક્ષ છું

**ખૂબ ખૂબ રૂપાળો, અનંત ગુણસંપત્તિનો આસામી,
સદા યુવાન, સદા આરોગ્યવાન, સદા આનંદી
અને સદા સતત સર્વોત્કૃષ્ટ આનંદ આપનાર**

ધરતી પરનું એક નગર
રાજનગર
તેમાં રહેતી એક કન્યા : સોનાલી
એણે મને જોયો
મારો પરિચય મેળવ્યો
ને એ મનોમન મને વરી ગઈ
એણે સંકલ્પ કર્યો - પરણવું તો માત્ર ને માત્ર આને જ
ધરતીના બધાજ મૂરતિયા એને સાવ જ ફિક્કા ફસ લાગ્યા
એનું મન બીજે બધેથી ઉઠી ગયું
ને એના સમગ્ર અસ્તિત્વ પર મારું જ
એક છત્રી સામ્રાજ્ય છવાઈ ગયું
એમના માતા - પિતાને પણ આ વાતની જાણ થઈ,
પહેલા તો એમને ય થયું
કે આ વળી કયો મૂરતિયો |
પણ જ્યારે એમણે ય મારી વિગત જાણી
ત્યારે તેઓ ય આફરીન આફરીન થઈ ગયા,
મારા પર ઓવારી ગયા
બસ દીકરી પરણાવવી, તો આને જ
આવો મૂરતિયો તો આખી દુનિયા ફરી વળો તો ય ન જડે...
આવો તેમણે પણ નિર્ણય કર્યો
અને પોતાના સાચા માતા - પિતાપણાને
સાબિત કરી બતાવ્યું
પણ


હજુ આ સંબંધમાં એક કડી ખૂટતી હતી
એ હતી - મારી સંમતિ
હજી મેં ક્યાં લીલી ઝંડી આપી હતી ?
પણ મેં ય જોયું, કે આ કન્યા સુશીલ અને સંસ્કારી છે
શ્રી નવકાર જૈન સંઘ, વાસણાની પવિત્ર છત્ર છાયામાં
બાળપણથી એના માતા - પિતા સુશ્રાવિકા - ભાવનાબેન
અને સુશ્રાવક - રાજેન્દ્રભાઈ
આ બંને દ્વારા એની યોગ્યતાનું સુંદર ઘડતર થયું છે
એના સગા ભાઈ રાહુલે તો C. A. થયા પછી ય
મોટી જોબ છોડીને ય
તીવ્ર વૈરાગ્ય સાથે દીક્ષા લીધી છે
ને પૂ. રાજપ્રેમવિજયજી મ.સા. ના શિષ્ય
પૂ. રમ્યપ્રેમવિજયજી મ.સા. ના સ્વરૂપે
સુંદર આરાધના કરી રહ્યા છે
તો એ કન્યા પોતે ય પોતાના એકના એક
ભાઈના પગલે પગલે ચાલીને
પૂ. દર્શનરત્નાશ્રીજી મ.સા. ના શિષ્યા
પૂ. નંદીરત્નાશ્રીજી મ.સા. પાસે
દર્શન-જ્ઞાન-ચારિત્રની સુંદર તાલીમ લઈ ચૂકી છે
તો પછી
મારે 'હા' કહેવા માટે આથી વધુ શું જોઈએ ?
મેં પણ સહર્ષ હા કહી
ને હવે અમારી સગાઈ ચૈત્ર વદ બારસ - વિક્રમ સંવત ૨૦૭૭
તા. ૮.૫.૨૦૨૧ ના દિવસે
ભવ્યાતિભવ્ય ઉત્સવ સાથે નિર્ધારિત છે
તેમાં આપ સહુને પધારવા સ્નેહસભર નિમંત્રણ છે.
લિ. મોક્ષ

સગાઈમાં
મારી વાગ્દતાને
વીંટી તરીકે મળશે રજોહરણ



અને

વિવાહ પ્રસંગે
ભેટ તરીકે મળશે
અનંત, અસીમ, અક્ષત
અનુપમ અને શાશ્વત
સુખ



લિ. મોક્ષ

# ઉત્સવ રંગ વધામણા

## ચૈત્ર વદ ૧૦, ગુરુવાર તા. ૬.૫.૨૧

સવારે ૯ કલાકે
સગાઈ મહામંગલ
શક્રસ્તવ મહાભિષેક
શ્રી નેમિનાથ-ભૂમિગૃહ
જિનાલય
શ્રી નવકાર જૈન સંઘ,
વાસણા, અમદાવાદ
ભક્તિમાં તરબોળ કરશે --
શ્રી મનીષભાઈ ગિરનારી

બપોરે ૨.૩૦ કલાકે
સગાઈ-વસ્ત્ર
સજાવટ
શ્રી શ્રમણી ઉપાશ્રય
શ્રી નવકાર જૈન
સંઘ, વાસણા,
અમદાવાદ

સાંજે ૭.૩૦ કલાકે
આશિષ -
ઓવારણા
શ્રી ધર્મરસિક તીર્થ
વાટિકા
વાસણા,
અમદાવાદ

**ચૈત્ર વદ ૧૧, શુક્રવાર**
**તા. ૭.૫.૨૧**
સવારે ૮ કલાકે
સગાઈ - શોભાયાત્રા
સવારે ૧૦ કલાકે
સગાઈની ખુશાલીમાં પારિતોષિક-પ્રદાન
બેઠું વર્ષીદાન
બપોરે ૪.૩૦ કલાકે વાયણા


**ચૈત્ર વદ ૧૨, શનિવાર**
**તા. ૮.૫.૨૧**
સવારે ૪ કલાકે
ભવ્યાતિભવ્ય સગાઈ સમારોહ
સૂરિ જયઘોષ સંયમ વાટિકા
યોગેશ્વરનગર, અંજલિ ચાર રસ્તા પાસે,
પાલડી, અમદાવાદ

ચૈત્ર વદ ૧૩, રવિવાર
તા. ૯.૫.૨૧, સવારે ૬.૩૦ કલાકે
સગાઈ બાદ સહુ પ્રથમ પગલાં

રાજેન્દ્ર ભાનુચંદ શાહ
ડી-૧૦, હરેકૃષ્ણ ફ્લેટ,
બેરેજ રોડ, વાસણા, અમદાવાદ

# શુભ વિવાહ

## ટૂંક સમયમાં નિર્ધારિત થઈ જશે.





# પાવન છત્ર છાયા
# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ,
# નવકાર, વાસણા, અમદાવાદ
# શ્રી નવકાર સંઘવિભૂષણ દેવાધિદેવ
# શ્રી સંભવનાથ ભગવાન
# બાળબ્રહ્મચારી પ્રાચીન
# શ્રી નેમિનાથ ભગવાન

: દિવ્યદ્રષ્ટિ :

સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા
સિદ્ધાંતસંરક્ષક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા
સિદ્ધાંતજીવી સમતાસાગર પૂ. પં.
શ્રી પદ્મવિજયજી ગણિવર્ય
સિદ્ધાંતદિવાકર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
જયઘોષસૂરીશ્વરજી મહારાજા

: આજ્ઞા-આશીર્વૃષ્ટિ :

પ્રશાંતમૂર્તિ વર્તમાનગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા
સાધ્વી ગણનાયક પ. પૂ. આચાર્યશ્રી વિ.
અભયશેખરસૂરીશ્વરજી મ.સા.

## : નિશ્રાસૃષ્ટિ :
## વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
## હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા
## સંયમૈકલક્ષી આચાર્યદેવ શ્રીમદ્ વિજય
## જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
## સંઘ-શાસન કૌશલ્યાધાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય
## જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. આ. શ્રી વિ. ચંદ્રજિતસૂરિજી મ.સા. પ.પૂ. આ. શ્રી વિ. અભયચંદ્રસૂરિજી મ.સા.
પ.પૂ. આ. શ્રી વિ. હરિકાંતસૂરિજી મ.સા. પ.પૂ. આ. શ્રી વિ. કલ્યાણબોધિસૂરિજી મ.સા.
પ.પૂ. આ. શ્રી વિ. મેઘવલ્લભસૂરિજી મ.સા. પ.પૂ. આ. શ્રી વિ. ઉદયવલ્લભસૂરિજી મ.સા.
પ.પૂ. આ. શ્રી વિ. હૃદયવલ્લભસૂરિજી મ.સા. પૂ. ઉપાધ્યાય શ્રી વિમલસેનવિજયજી ગણિવર્ય
પૂ. ઉપાધ્યાય શ્રી કનકસુંદરવિજયજી ગણિવર્ય પૂ. ઉપાધ્યાય શ્રી ભદ્રેશ્વરવિજયજી ગણિવર્ય
પૂ. પં. પ્રવર શ્રી પદ્મસેનવિજયજી ગણિવર્ય પૂ. પ્રવર્તકપ્રવર શ્રી પદ્મરત્નવિજયજી મ.સા.
આદિ શ્રમણવૃંદ

: શ્રમણી નિશ્રા :
પૂજ્ય આચાર્ય શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના સાધ્વીગણનાયક
પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ.સા. ના આજ્ઞાનુવર્તી
પૂ. પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.
પૂ. સાધ્વીવર્યા શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા. આદિ ઠાણા

: પરિવારના ઉપકારી ભગવંતો :
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજી મહારાજા
પરમ પૂજ્ય મુનિરાજશ્રી નિરાગચંદ્ર મ.સા.
પ.પૂ. સાધ્વીજી શ્રી સૌમ્યપ્રભાશ્રીજી મ. આદિ ઠાણા
પ.પૂ. સાધ્વીજી શ્રી મંગલયશાશ્રીજી મ. આદિ ઠાણા

: ઋણ સ્મરણ :
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નવકાર, વાસણા, અમદાવાદ
અમારા પરિવારના ગૌરવ એવા પ.પૂ. આચાર્યદેવ કુમુદચંદ્રસૂરીશ્વરજી મહારાજા
(જન્મ - વિ. સં. ૧૯૩૭ - ખડસલિયા સ્વર્ગવાસ - વિ. સં. ૨૦૧૨ - લીંચ)
પૂ. પં. જિનપ્રેમવિજયજી મ.સા.
પૂ. રાજપ્રેમવિજયજી મ.સા.
પૂ. તત્વપ્રેમવિજયજી મ.સા.

પ.પૂ. સાધ્વીવર્યા શ્રી ચંપાશ્રીજી મ.સા.
પ.પૂ. સાધ્વીવર્યા શ્રી તારાશ્રીજી મ.સા.
પ.પૂ. સાધ્વીવર્યા શ્રી કીર્તિપ્રભાશ્રીજી મ.સા.
પૂ. અધ્યાત્મદર્શનાશ્રીજી મ.સા.

: જીવન સમર્પણ :
પ. પૂ. સાધ્વીવર્યા શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા પ. પૂ. સાધ્વીવર્યા શ્રી દર્શનરત્નાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીવર્યા શ્રી નંદીરત્નાશ્રીજી મ.સા.

અમો ખૂબ ખૂબ આભારી છીએ
શ્રીમતી માલાબેન કંદર્પભાઈ મોદી પરિવારના
જેમના સુપુત્ર ભવ્યભાઈની મુક્તિકુમારી
સાથેની સગાઈના ઉત્સવની સાથે સાથે
કુ. સોનાલીની સગાઈનો સમારોહ યોજાઈ રહ્યો છે.

## સોનામાં સુગંધ : કુલ ૬ સગાઈ

મુક્તિકુમારી સાથે

મુમુક્ષુ કુમારપાળભાઈ
મુમુક્ષુ ભવ્યભાઈ
મુમુક્ષુ હાર્દિકભાઈ

મોક્ષકુમાર સાથે

મુમુક્ષુ સુધાબેન
મુમુક્ષુ સોનાલીબેન
મુમુક્ષુ મૈત્રીબેન

સ્વાગતોત્સુક
માતુશ્રી તારામતીબેન ભાનુચંદભાઈ
મૂળચંદભાઈ શાહ પરિવાર
(ખડસલિયા - ભાવનગરવાળા)
ભાવનાબેન રાજેન્દ્રભાઈ શાહ (માતા)
રાજેન્દ્રભાઈ ભાનુચંદભાઈ શાહ (પિતા)
નરેશભાઈ ભાનુચંદભાઈ શાહ (કાકા)
આદિ સમસ્ત પરિવારના જય જિનેન્દ્ર